**[A] નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો. (પ્રત્યેકનો ૧ ગુણ)**

**1. પેટના દર્દથી છુટકારો મેળવવા બેઇઝનો ઉપયોગ થાય છે જેને શું કહે છે ?**

➥ મૅગ્નેશિયમ હાઈડ્રૉક્સાઈડ ($Mg(OH)_2$) મિલ્ક ઑફ મૅગ્નેશિયા

**2. આપણા જઠરમાં કયો ઍસિડ ઉત્પન્ન થાય છે ?**

➥ હાઈડ્રોક્લોરિક ઍસિડ (HCl)

**3. ખાલી જગ્યા પૂરો : મૅગ્નેશિયમ હાઈડ્રૉક્સાઈડ કે જે મંદ ......... છે.**

➥ બેઈઝ (Base)

**4. ખાલી જગ્યા પૂરો : દાંતની ઉપરનું આવરણ ......... નું બનેલું હોય છે.**

➥ કૅલ્શિયમ ફૉસ્ફેટ $[Ca_3(PO_4)_2]$

**5. ખાલી જગ્યા પૂરો : ટૂથપેસ્ટમાં સામાન્ય રીતે .......... પદાર્થ હોય છે.**

➥ કૅલ્શિયમ ફૉસ્ફેટ

**6. ખાલી જગ્યા પૂરો : કૉસ્ટિક પોટાશનું રાસાયણિક સૂત્ર લખો.**

➥ કૉસ્ટિક પોટાશ – KOH → પોટૅશિયમ હાઈડ્રૉક્સાઈડ

**7. સોડાએશનું રાસાયણિક સૂત્ર લખો.**

➥ સોડાઍશ - $Na_2CO_3\ 10H_2O$ ધોવાનો સોડા

**8. કયું સંયોજન ક્લોરિન સાથે પ્રક્રિયા કરીને વિરંજન પાઉડર બનાવે છે ?**

➥ કૅલ્શિયમ હાઈડ્રૉક્સાઈડ (ફોડેલો ચૂનો) $[Ca(OH)_2]$

**9. ઍક્વારિજીયા એ કોનું મિશ્રણ છે ?**

➥ ઍક્વારિજીયા - 1 ભાગ સાંદ્ર $HNO_3$ અને 3 ભાગ સાંદ્ર HCl નું મિશ્રણ

**10. ઍસિડમાં બેઈઝ ઉમેરવાની પ્રક્રિયા કયા નામે ઓળખાય છે ?**

➥ તટસ્થીકરણ પ્રક્રિયા

**11. સોડિયમ, પોટૅશિયમ તત્ત્વો શેના તરીકે ઓળખાય છે ?**

➥ આલ્કલી ધાતુ તત્ત્વો

**12. માનવરુધિરનું pH મૂલ્ય જણાવો.**

➥ માનવરુધિરની pH → 7.4

**13. ખોરાકમાં ઉપયોગી હોય તેવા જાણીતા ક્ષારનું રાસાયણિક નામ લખો.**

➥ NaCl - સોડિયમ ક્લોરાઈડ - મીઠ

**14. નારંગીમાં કયો ઍસિડ હોય છે ?**

➥ સાઈટ્રિક ઍસિડ

**15. ખાલી જગ્યા પૂરો : હળદર એ એક ......... સૂચક છે.**

➥ કુદરતી

**16. સાચાં જોડકાં જોડો :**

| | વિભાગ A | | વિભાગ B |
|---|---|---|---|
| 1) | વિનેગર | a) | ટાર્ટરિક ઍસિડ |
| 2) | સંતરું | b) | ઑક્ઝેલિક ઍસિડ |
| 3) | આંબલી | c) | સાઇટ્રિક ઍસિડ |
| 4) | ટામેટું | d) | ઍસિટિક ઍસિડ |

➥ (1 – d) (2 – c) (3 – a) (4 – b)

17. સાચાં જોડકાં જોડો :

| વિભાગ A | | વિભાગ B | |
|---|---|---|---|
| 1) | જઠર | a) | કેલ્શિયમ ફોસ્ફેટ |
| 2) | દાંત ઉપરનું પડ | b) | હાઈડ્રોક્લોરિક ઍસિડ |
| 3) | મધમાખી | c) | મિથેનોઇક ઍસિડ |
| 4) | કૌવચ | d) | મેલેટીન |

➠ (1 – b) (2 – a) (3 – d) (4 – c)

18. ખાલી જગ્યા પૂરો : ઍસિડિક દ્રાવણની pH .......... કરતાં ઓછી હોય છે.

➠ 7.0

19. ખાલી જગ્યા પૂરો : જિપ્સમનું આણ્વીય સૂત્ર .......... છે.

➠ $CaSO_4 \cdot 2H_2O$

20. ખાલી જગ્યા પૂરો : છાશ ......... સ્વભાવ દર્શાવે છે.

➠ ઍસિડિક

21. ખાલી જગ્યા પૂરો : ઍસિડિક જમીન તટસ્થ કરવા ખેડૂતો જમીનમાં ......... પદાર્થ ઉમેરે છે.

➠ જીપ્સમ

22. ખાલી જગ્યા પૂરો : આલ્કલાઈન જમીન તટસ્થ કરવા ખેડૂતો જમીનમાં ......... પદાર્થ ઉમેરે છે.

➠ લાઈમ (CaO)

23. સાચાં ખોટાં વિધાનો : સોડિયમ ઝિંકેટનું આણ્વિય સૂત્ર $Na_2ZnO_{2(s)}$ છે.

➠ સાચું

24. સાચાં ખોટાં વિધાનો : ધોવાના સોડાનું જલીય દ્રાવણ ઍસિડિક સ્વભાવ દર્શાવે છે.

➠ ખોટું

25. સાચાં ખોટાં વિધાનો : pH માં p જર્મન શબ્દ "પોટેન્ઝ" સૂચવે છે.

➠ સાચું

26. સાચાં ખોટાં વિધાનો : ખોરાકને ઝડપી રાંધવા માટે બેકિંગ પાઉડર વપરાય છે.

➠ ખોટું

27. સાચાં ખોટાં વિધાનો : ફિનોલ્ફથેલીન એ કુદરતી સૂચક છે.

➠ ખોટું

28. પ્રક્રિયા પૂર્ણ કરો : $HCl_{(aq)} + NaHCO_{3(aq)} \longrightarrow$

➠ $NaCl_{(aq)} + H_2O(l) + CO_{2(g)}$

29. પ્રક્રિયાઓ પૂર્ણ કરો : $BaCl_{2(aq)} + H_2SO_{4(aq)} \longrightarrow$

➠ $BaSO_{4(s)} + 2HCl_{(aq)}$ (3) $KNO_{3(s)} + H_2O_{(s)}$

30. પ્રક્રિયાઓ પૂર્ણ કરો : $HNO_{3(aq)} + KOH_{(aq)} \longrightarrow$

➠ સ્વપ્રયત્ને

31. પ્રક્રિયાઓ પૂર્ણ કરો : $2NaOH_{(aq)} + H_2CO_{3(aq)} \longrightarrow$

➠ $Na_2CO_{3(s)} + 2H_2O(l)$

32. પ્રક્રિયાઓ પૂર્ણ કરો : .......... $\longrightarrow H^+ + Cl^-$

➠ $HCl \longrightarrow H^+_{(aq)} + Cl^-_{(aq)}$